આજે મહિલા દિને નગરની નારીશક્તિને સલામ..!!!

ગાંધીનગર, તા. ૭

તારીખ ૮મી માર્ચ એટલે 'આંતરરાષ્ટ્રિય મહિલા દિવસ' વિશ્વભરમાં મહિલાઓને સન્માનવાનો, તેમને સમજવાનો અને તેમના હક્કો, અધિકારો અંગે જાગૃતિ કેળવવાનો દિવસ. સમગ્ર વિશ્વમાં આ દિનની ગૌરવભેર ઉજવણી કરવામાં આવે છે. ગાંધીનગરમાં પણ નારીશક્તિને સલામ કરતા અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ દિવસે શહેરની પ્રતિભાશાળી મહિલાઓની ઓળખ નગરજનો સુધી પહોંચાડવાનો અમારો નાનો સરખો પ્રયાસ એ એક કુલ પાંખડીના યોગદાનરૂપે રજૂ કરી રહ્યા છીએ.

દશાડા વિધાનસભાના ભૂતપૂર્વ ધારાસભ્ય ચંદ્રાબેન શ્રીમાળી પોતે એક સમર્થ મહિલા હોવાની સાથે તેમણે આ આંતરરાષ્ટ્રિય મહિલા દિને ગાંધીનગરની તેમની પ્રિય નારીઓમાંથી કેટલીક પ્રતિભાઓ અંગે તેમની વાત તેમના શબ્દોમાં...

'જ્યોતિ મહિલા મંડળની મહિલાઓનાં સર્વાંગી વિકાસની અને કવિય પ્રવૃત્તિઓના પ્રેરણાસ્રોત લતાબેન ચોકસીને કેમ ભુલાય ? મહિલા ઉત્કર્ષ અને સામાજિક ચેતનાના કાર્યક્રમોમાં લતાબેનની સૂચક હાજરી અને આયોજનપૂર્વક દ્રષ્ટિનો લાભ ગાંધીનગરને વિપુલ પ્રમાણમાં મળ્યો છે. અખિલ ભારતીય મહિલા સ્વાસ્થ સંઘના પ્રણેતા સ્વ. નિલમબેન કામદારની સેવાઓને હું શ્રદ્ધાપૂર્વક ભાવાંજલિ અર્પું છું. આ ઉપરાંત મને મનગમતી નારી પ્રતિભાઓમાં ભાનુબેન જે. ભટ્ટને એમની ચમકતી આંખો અને મૃદુભાષી વાતો મને યાદ છે. જાણીતા લેખિકા કુંદનબેન દવે, સાહિત્યકાર કુ. પ્રજ્ઞાબેન પટેલ, લતાબેન વંકાણી, સ્વ. ઈવીલાબેન મહેતા, નીરાબેન સતીષભાઈ પટેલ, મોહક વ્યક્તિત્વના સ્વામિની અને કલ્યરલ ફોરમના અગ્રણી સ્મિતાબેન જહા વગેરેને હું દિલથી ચાહું છું. તેમની મહિલાઓના સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેવાની ચાહતે મને પ્રભાવિત કરી છે. આ ઉપરાંત ગાંધીનગરમાં વર્ષોથી રહેતા અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં સક્રીય રહેતા મહિલા અગ્રણીઓ છે જેના નામ હું લખવા બેસું તો એક આગવુ પુસ્તક લખાય તેમ છે.'

● મહિલાઓએ પોતાની શક્તિ મર્યાદિત ક્ષેત્રમાં બાંધી ન રાખવી

આજના હાઈટેક યુગમાં મહિલાઓ પુરૂષ સમોવડી જ નહીં પરંતુ તેનાથી બે કદમ આગળ

વધીને પોતાની અલગ પહેચાન બનાવી રહી છે. ત્યારે સમાજની રૂઢીચુસ્ત માનસિકતા સામે મહિલાઓને ઘણીવાર સંઘર્ષ કરવો પડે છે. આ અંગે ડી.વાય.એસ.પી. કોમલ વ્યાસે જણાવ્યું હતું કે સમાજની રૂઢીચુસ્ત માનસિકતા પાર કરવા ઉપરાંત મહિલાઓએ પરિવાર અને સંતાનોને સમય ફાળવી યોગ્ય બેલેન્સ જાળવતા ચોક્કસ શીખી લેવું જોઈએ. મહિલાઓને ફિલ્ડ પસંદ કરવાના મામલે સીમાડામાં બંધાયેલા ન રહેવા પણ સૂચવ્યું છે.

- કોમલ વ્યાસ, ડીવાયએસપી

● સમાજમાં પુરૂષ અને મહિલાને સમાન હક્કો મળશે ત્યારે જ સુખદ સમાજનું નિર્માણ થશે

વિશ્વભરમાં ૮મી માર્ચ વિશ્વ મહિલા દિવસની ગૌરવભેર ઉજવણી કરવામાં આવે છે ત્યારે હજુ પણ પુરૂષ પ્રધાન દેશમાં ૧૦૦ વર્ષ જુનવાણી પદ્ધતિ અમલમાં છે. જેને નવા વિચારોના આધારે બદલવાની જરૂર છે. સમાજમાં જ્યારે પુરૂષ અને મહિલા બન્ને પક્ષને ભેદભાવ વગરના હક્કો મળશે ત્યારે જ પુખ્ત સમાજની કલ્પના કરવી શકય છે.

સમાજમાં સ્ત્રીઓની પ્રત્યે થતી પજવણી દૂર થશે અને વલણ બદલાશે ને જ દિવસે ખરા અર્થમાં મહિલા દિવસની ઉજવણી કહેવાશે.

પ્રો. નિયતિબેન મિસ્ત્રી
સરકારી વિનયન કોલેજ, સે-૧૫, ગાંધીનગર

● મહિલાઓએ સહાનુભુતીથી નહી પરંતુ સ્વમાનથી જીવવું જોઇએ

આજે ૮મી માર્ચ વિશ્વ મહિલા દિવસની ઉજવણીને બરોબર ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ જવા જઈ રહ્યા છે.

આ ૧૦૦ વર્ષની ઉજવણીમાં વિશ્વની મહિલાઓએ સહાનુભૂતીથી નહીં પરંતુ સ્વમાનથી જીવવું જોઈએ. સમાજે પણ જેન્ડર ન્યુટ્રલ થઈ યોગ્ય રીતે પરિપક્વ થવાની જરૂર છે.

મહિલાઓ તમામ ક્ષેત્રમાં કાર્ય કરવા સક્ષમ છે. માટે કારકિર્દીના વિવિધ ક્ષેત્રમાં લિંતિજને ન બાંધવી જોઈએ. અને મનના ઉભા કરેલા નકારાત્મક ભયમાંથી બહાર નિકળીને આજે પોતાના પસંદગીના ક્ષેત્રમાં ઉતરવાની જરૂર છે.

- ડો. ઋચાબેન બ્રહ્મભટ્ટ
આચાર્ય, સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

નમો ટી સ્ટોલ્સ સામે કોંગ્રેસ દ્વારા આચારસંહિતા ભંગની ફરિયાદ

બે દિવસમાં ૭૯૨ જેટલા પોષ્ટર, બેનર અને હોર્ડિંગ્સ તંત્ર દ્વારા હટાવી લેવાયા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિએ આજે ચૂંટણીની આદર્શ આચારસંહિતા ભંગની પ્રથમ ફરિયાદ નોંધાવી છે.

શહેર કોંગ્રેસ સમિતિએ આ ફરિયાદ ગાંધીનગર શહેરની ઈ-ફાસિટીમાં આવેલ ન.મો. ટી સ્ટોલને લઈ ફરિયાદ નોંધાવી છે. જેમાં ટી સ્ટોલમાં ભાજપનું પ્રતીક તેમજ રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ફોટોગ્રાફ્સ પણ દર્શાવવામાં આવ્યા છે. જે આદર્શ આચારસંહિતાનો ભંગ છે.

શહેર સમિતિના પ્રમુખ શ્રી મુકેશ પટેલની સહિ સાથે આ ફરિયાદ મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલને કરવામાં આવી છે અને તેની નકલ જિલ્લાના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. સ્વરૂપને આપવામાં આવી છે.

આ ફરિયાદમાં શહેર સમિતિના પ્રમુખ શ્રી મુકેશ પટેલે એવો પણ આક્ષેપ કર્યો છે કે તંત્ર હજુ પણ મુખ્યમંત્રીશ્રીના ઇબાણ હેઠળ કામગીરી કરે છે તેવુ સ્પષ્ટ પ્રસ્થાપિત થાય છે.

દરમ્યાન તંત્રએ આજે બીજે દિવસે ૩૯૯ જેટલા પોસ્ટર બેનર અને હોર્ડિંગ્સ દૂર કરવામાં આવ્યા છે. આમ બે દિવસમાં થઈ તંત્રએ ૭૯૨ જેટલા પોષ્ટર બેનર અને હોર્ડિંગ્સ દૂર કર્યા છે.

જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે અને તંત્ર પણ હવે અમલવારીને લઈ સંપૂર્ણ સરકતમાં આવી જવા પામેલ છે.

પરીક્ષા કેન્દ્રોમાં સ્કવોર્ડના સભ્યો પણ મોબાઈલ રાખી શકશે નહીં

સરકારી પ્રતિનિધિઓએ પોતાના મોબાઈલ કસ્ટડીમાં જમા કરાવવા પડશે

ગાંધીનગર, તા.૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા. ૧૩ માર્ચથી ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા લેવામાં આવશે જ્યારે આ પરીક્ષાને લઈ એકશન પ્લાન પણ તૈયાર કરી દેવાયો છે. જેમાં આગામી બોર્ડ પરીક્ષા દરમિયાન સરકારી પ્રતિનિધિઓ ઉપરાંત સ્કોર્વોર્ડના પ્રતિનિધિઓને પણ પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશતા પૂર્વે તેમના મોબાઈલ ફોન કસ્ટડીમાં જમા કરાવી દેવા ફરમાન કરવામાં આવ્યું છે.

શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા. ૧૩ માર્ચથી ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા લેવામાં આવનાર છે. જિલ્લામાંથી અંદાજિત ૫૦ હજાર વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે. જેમાં ધો-૧૦માં ૩૯૪૯૭ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૨૧૯૯ તેમજ વિજ્ઞાન-પ્રવાહ ચોથા સેમેસ્ટરમાં ૫૦૨૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. બોર્ડની મહત્વની પરીક્ષાને ધ્યાને લઈ શિક્ષણ બોર્ડ દ્વારા પૂર્વ તૈયારીઓ કરી દેવાઈ છે. વિદ્યાર્થીઓને અનુલક્ષી શિક્ષકોની હેલ્પલાઈન કાર્યરત કરી દેવાઈ છે. જ્યારે પરીક્ષા અન્વયે એકશન પ્લાન પણ ઘડી દેવાયો છે. જેમાં દર વર્ષની જેમ પરીક્ષા કેન્દ્રો પર યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉપરાંત આસપાસના વિસ્તારના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા સહીતની બાબતોને આવરી લેવામાં આવી છે. જ્યારે એકશન પ્લાનમાં બે નવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં પરીક્ષા કેન્દ્રો પર કોઈ પણ વ્યક્તિને મોબાઈલ ફોન લઈને જવા દેવાશે નહીં પરીક્ષાની કાર્યવાહી માટે ફરજ બજાવતા સરકારી પ્રતિનિધિઓ તેમજ રાઉન્ડ લેતા સ્કોવર્ડના સભ્યો પણ પોતાની સાથે મોબાઈલ રાખી શકશે નહીં. પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશતા પૂર્વે તેમણે પોતાના સેલફોન કસ્ટડીમાં જમા કરાવી દેવા પડશે.

સોમવારે પરીક્ષા સમિતિની બેઠક

ગાંધીનગર, તા.૭

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના આડે હવે માત્ર ગણતરીના દિવસો જ રહેતા વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડૂબ બન્યા છે. બીજી તરફ પરીક્ષાના આયોજનને લઈ શિક્ષણ તંત્ર પણ તૈયારીમાં વ્યસ્ત છે. જિલ્લામાંથી ૫૭ હજાર વિદ્યાર્થીઓ ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં બેસવાના છે. જેને અનુલક્ષી વિવિધ શિક્ષણ સંસ્થાઓમાં ૨૭૦૫ જેટલા બ્લોકમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવાનું આયોજન કરવામાં આવ્યું છે. બોર્ડની પરીક્ષાના સરળ આયોજન માટે શિક્ષણ તંત્ર દ્વારા એકશન પ્લાન તૈયાર કરી દેવાયો છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને વિષયલક્ષી માર્ગદર્શન પુરું પાડવા માટે હેલ્પલાઈન પણ કાર્યરત કરી દેવાઈ છે. શાંતિપૂર્ણ અને ભયમુક્ત માહોલમાં પરીક્ષા યોજવા માટે જરુરી તમામ બાબતોને ધ્યાને લેવામાં આવી છે. જ્યારે પરીક્ષાલક્ષી ખૂટતા પરીબળોની પૂર્તતા તેમજ આયોજનને આખરી ઓપ આપવા માટે આગામી સોમવારે જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં પરીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવશે.



(તસવીર : કરણ નિમાવત)

વસંતઋતુના વધામણાં રૂપે વૃક્ષો પર નવા પર્ણો-ફૂલો આવતાંની સાથે રસ્તાની બંને બાજુના દેશ્યો વધુ સુંદર લાગી રહ્યા છે.

શહેર કોંગ્રેસ દ્વારા બીજા દિવસે પણ પદયાત્રા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે બીજે દિવસે પણ પદયાત્રાનો કાર્યક્રમ ચાલુ રહ્યો હતો.

સાંજે ચાર વાગે સેકટર-૯માંથી આ પદયાત્રા આરંભાઈ હતી. જે સે-૩, ૮માં પણ ફરી હતી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી મુકેશ પટેલ અને પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસની આગેવાનીમાં નીકળેલી આ પદયાત્રા શહેરના મહત્વના સ્થળો પર ફરી હતી. આ પદયાત્રામાં કોર્પો-કોંગ્રેસ પક્ષના નેતાશ્રી ચીમન વિઝુંડા, મહામંત્રી શ્રી મિહુલ જોશી, શ્રી હરેશ પટેલ, શ્રી માનાજી મારવાડી, શ્રી રજનીભાઈ પટેલ, કાઉન્સીલરો શ્રી જીતુરાયક્ષ, શ્રી હસમુખભાઈ મકવાણા, શ્રી શૈલેન્દ્રસિંહ વાઘેલા, શ્રીમતિ પી-કીલેન પટેલ, શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રી મીનાબા વાઘેલા ઉપરાંત મહિલા કોંગ્રેસના અગ્રણી શ્રીમતિ પ્રેમબા હાડા સહિત અનેક અગ્રણીઓ જોડાયા હતા.

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિમીટેડ

દુકાન નં. સી-૬, શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૫, ગાંધીનગર
ટેલીફોન : (૦૭૯) ૨૩૨૨૦૫૨૫, ૨૩૨૩૬૫૨૨

તૂટેલા ક્રેટ વેચવાના છે

દૂધ વિતરણના તૂટેલા ક્રેટ અંદાજીત-૧૭૦૦
(કલર-લાલ, ૧ ક્રેટનું વજન-૧૨૦૦ ગ્રામ)

ભાવપત્રક તા. ૧૪/૩/૨૦૧૪ સુધી સ્વિકારવામાં આવશે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૧૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com